‘મા તારા આશીર્વાદ મને બહુ ફળ્યા છે...’ થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...

બાયડ તા.૧૨

આપણા લોકલાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ વ્યસ્ત કાર્યક્રમોની ભરમાળ વચ્ચે પણ ‘મા’ ના આશીર્વાદ લેવાનું ચૂકતા નથી...ગઈકાલે ગુજરાતની મુલાકાતે આવ્યા પણ વ્યસ્ત કાર્યક્રમોની વચ્ચે થોડોક સમય કાઢીને મા જોડે બેસીને ખીચડી ખાવાનું અને મીઠા આશીર્વાદ લેવાનું ચુક્યા નથી. આપણે મોદી સાહેબ જોડેથી આ પણ શીખવું જોઈએ કે આપણે ભલે ગમે તેટલો મોટો બિઝનેસ કરતા હોઈએ અથવા બહુજ મોટો હોદ્દો સંભાળતા હોઈએ પણ થોડોક સમય તો મા-બાપ ને આપવો જ જોઈએ!!! મોદીજીની આ વિનમ્રતા અને મા પ્રત્યેની કૃતજ્ઞતા અદ્ભૂત છે, વંદનીય છે!! વ્યસ્ત હોવાથી મોદીજી વર્ષમાં બે વાર પણ બહુજ દિલથી મા ના આશીર્વાદ તો લઈ લે છે અને તેમનો અંતરનાદ કહેતો હોય છે ‘મા તારા આશીર્વાદ મને બહુ ફળ્યા છે’ જ્યારે બીજા પણ એક બહુજ મોટા રાજકીય પક્ષના પ્રમુખ નેતા રાહુલજી પણ ચોવીસ કલાક પોતાની મમ્મીનું દામન પકડીને ફરે છે પણ ઈટાલિયન સભ્યતાવાળી મમ્મીના આશિષ તેમને આજદિન સુધી ફલ્યા નથી!! ભારતીય શબ્દ ‘મા’ નું મૂલ્ય શુ હોઈ શકે તે અહીંયા સ્પષ્ટ દેખાય છે જ્યારે યુરોપની સભ્યતાવાળી ‘મમ્મી’ નું મૂલ્ય પણ આપણે જોઈ શકીએ છીએ!!

આપણી સંસ્કૃતિ અને સભ્યતા અને પશ્ચિમની સભ્યતાનો ભેદ ઉડીને આંખે વળગે તેવો છે. આપણા શાસ્ત્રોનું કહેવું સત્ય સાબિત થઈ રહ્યું છે કે ‘મા ના આશીર્વાદથી વિશેષ કઈ નથી’!!! મમ્મી શબ્દ અને તેની તાકાત શુ છે તે તો આપણને છેલ્લા ૨૦ વર્ષથી રાહુલજી લાઈવ શીખવી રહ્યા છે!! જ્યાં સુધી મોદીજી ના માથા પર જનેતા ‘મા’ ના આશીર્વાદ હશે અને ‘જગત જનની જગદંબા’ ની કૃપા હશે ત્યાં સુધી વિરોધીઓની એક પણ ચાલ મોદીજીની હરાવી નહિ શકે!!! ‘મા’ શબ્દ પણ સ્વયં ખૂબ વજનદાર છે, ‘મમ્મી’ શબ્દનું વજન આપમેળે ‘મા’ કરતા ચાર આના થઈ જાય છે ત્યારે રાહુલજી બિચારા શુ કરે? જિંદગીમાં પોતાની જનેતા સોનિયાજી માટે ક્યારેય નાભીના ઊંડાણમાંથી ‘મા’ એવું બોલી નહી શક્યા હોય !!! જ્યારે તેઓ ‘મમ્મી’ ને બદલે ‘મા’ એવું સંબોધન કરતા લાજ નહિ અનુભવે ત્યારે તેમના રાજકારણના શ્રીગણેશ ચોક્કસ થઈ શકે છે !! ‘મા’ શબ્દ તેઓને સમજાઈ ગયો એટલે તેમને આપોઆપ ‘હિન્દૂ’ અને ‘હિન્દુત્વ’ શબ્દો પણ સમજાઈ જશે અને ક્યારેય તેઓ આ વિષયના ડીબેટમાં ભાગ નહિ લે તે ચોક્કસ છે!!

જી. એમ. ઈ. આર. એસ. જનરલ હોસ્પિટલ હિંમતનગર ખાતે વિશ્વ કિડની દિવસ ઉજવાયો

મેડિકલ કોલેજમાં મહિને ૭૦૦થી વધુ ડાયાલિસિસ વિના મૂલ્યે કરવામાં આવે છે : કિડનીના દર્દીઓને મા/આયુષ્યમાન કાર્ડ દ્વારા રૂ.૩.૨૪ કરોડની સહાય સારવાર માટે ચૂકવાઇ

બાયડ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ સંલગ્ન સીવીલ હોસ્પિટલમાં નેફ્રોલોજી ડાયાલિસિસ યુનિટ ખાતે આજે ડાયાલિસિસની જરૂરવાળા કિડનીના દર્દીઓ સાથે વિશ્વ કિડની દિવસની ઉજવણી કરીને તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કોરોનાકાળમાં આ સીવિલ હોસ્પીટલ અનેક લોકોની જીવા દોરી બચાવવામાં સફળ રહી છે. હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં છેલ્લા ૨૦ વર્ષથી ડાયાલિસિસની સુવિધા છે અને અહી વિનામૂલ્યે ડાયાલિસિસ કરવામાં આવે છે મેડિકલ સુપ્રિટેન્ડેન્ટશ્રી કટારકરે જણાવ્યું કે અમારા યુનિટ પાસે ૧૧ જેટલાં યંત્રો છે અને દર મહિને કિડનીની નબળી કામગીરીને કારણે જેમને લોહીના શુદ્ધિકરણ માટે જરૂર છે તેવા દર્દીઓના ૭૦૦ થી વધુવાર ડાયાલિસિસ કરવામાં આવે છે. આમ અત્યાર સુધીમાં આ વિભાગ દ્વારા ૫૯૦૪૧

ડાયાલિસિસની સેવા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવી છે. કોરોના કાળમાં કોરોના વોર્ડમાં ડાયાલિસિસની જરૂરવાળા કોરોના રોગીઓ માટે મશીનોનું અલગ યુનિટ રાખવામાં આવ્યું હતું જેમાં ૧૩૨થી વધુ ડાયાલિસિસ કરવામાં આવ્યા હતા..તે રીતે જેઓ ચેપી કમળા થી પીડાતા હોય અને ડાયાલિસિસની જરૂર હોય એમના માટે મશીન જુદાં રાખવામાં આવે છે જેથી ચેપ લાગવાનું જોખમ નિવારી શકાય. આહાર વિહારના નિયમો પાળીને કિડનીને સ્વસ્થ રાખવી જોઈએ એવો સંદેશ આપતાં તેમણે જણાવ્યું કે જેમ માણસની ઉંમર વધે છે તેમ કિડનીની પણ ઉંમર વધે છે.એટલે શરૂઆતથી જ કિડનીની કાળજી ન લેવામાં આવે તો પાછલી ઉંમરે તેની કિંમત ચુકવવી પડે છે. આ પ્રસંગે સી.ડી.એમ.ઓશ્રી ડો.મૂલાણી, તબીબો, ટેકનીશ્યનો અને ડાયાલિસિસ સ્ટાફ, તેમજ કિડનીના દર્દીઓ જોડાયો હતો.

આ સાથે વિશ્વ કિડની દિવસ અંતર્ગત આવિષ્કાર હોસ્પિટલ, મેડીસ્ટાર હોસ્પિટલ અને લાઈફલાઈન હોસ્પિટલ દ્વારા કિડનીના રોગો માટે ‘મફત નિદાન કેમ્પ’ યોજવામાં આવ્યો જેમાં આશરે ૨૪૦ જેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો તથા સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૪૩૭ દર્દીઓને મા કાર્ડ તેમજ આયુષ્યમાન કાર્ડ દ્વારા રૂ. ૩,૨૪,૯૦,૭૨૫ ની સહાય સારવાર માટે આપવામાં આવી છે

ડીસામાં અમદાવાદના વેપારીની ગાડીને આંતરી લૂંટી લેનાર ૪ આરોપી ઝડપાયા

દક્ષિણ પોલીસે અપહરણ અને લૂંટનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલ્યો

ડીસા, તા. ૧૨

ડીસાના માર્કેટયાર્ડ રોડ ઉપર અમદાવાદના વેપારીની ગાડીને આંતરી લૂંટ ચલાવનાર ચાર આરોપીને દક્ષિણ પોલીસે ઝડપી પાડી અપહરણ અને લૂંટના ગુનાનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી દીધો હતો.જિલ્લાની આર્થિક પાટનગરી ગણાતા ડીસામાં ગત તા.૯/૩/૨૨ ના રાતના સુમારે અમદાવાદથી ગેસના ચૂલા વેચવા આવેલ વેપારી આશિષભાઈ પંચાલની ગાડીને આંતરીને ઉભી રખાવ્યા બાદ ગાડીમાં ચડી બેઠેલા ત્રણ યુવકોએ વેપારીને માર મારી રોકડા રૂ.૩૨૦૦, મોબાઈલ અને ગાડી લૂંટી ફરાર થઈ ગયા હતા.જે ગુના અનુંસંધાને દક્ષિણ પોલીસ સ્ટેશનના પીઆઈ વાય. એમ.મિશ્રાની સુચના આધારે સ્ટાફના અ.હેડકો મિલનદાસ મગનદાસ, અ.હેડકો કેવળભાઈ ગલાલભાઈ, અ.હેડકો પ્રવિણભાઈ મનાભાઈ, રઘુજી અનોપજી અ.હેડકો, પો.કો મહમંદમુજીબ અબ્દુલગફાર, પો.કો ડાહ્યાભાઈ માધાભાઈ, પો.કો વિરસંગભાઈ વાલુભાઈ, પો.કો નરેન્દ્રકુમાર ખેમજીભાઈ વિગેરે સદરહું ગુના બાબતે પેટ્રોલીંગમાં હતા.દરમ્યાન ગુનામાં લૂંટાયેલ વાહન ઈકો ગાડી (નં.જીજે ૦૧ કે.એમ ૮૩૧૯) ડીસાની ભોયણ ફાટક તરફથી ડીસા તરફ આવી રહી હોવાની ખાનગી બાતમી મળી હતી.જે બાતમી આધારે ભોયણ ફાટકથી કાચા રસ્તે ગાડી રોકાવી ગાડીમાં બેસેલ ઈસમો (૧) વિક્રમભાઈ રણછોડભાઈ લુહાર (રહે.ડીસા શીવનગર વાદી ટેકરા તા.ડીસા મુળ રહે.થરાદ શીવનગર પંડ્યાવાસ તા.થરાદ જી.બ.કા તથા) વિરમસિંહ રઘુજી સોલંકી (રહે.સામઢી મોટાવાસ તા.પાલનપુર), આબિદખાન ઉર્ફે અબુ હૈદરખાન પઠાણ (રહે.જુનાડીસા સરકારી દવાખાના પાસે તા.ડીસા) અને સમીરઉલ્લાખાન ઉર્ફે ગુડું યાહિયામિયાખાન ચાવડા (રહે.નવાપુરા સુમરાવાસ જુનાડીસા તા.ડીસા) ને ગણતરીના કલાકોમાં પકડી પાડી તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

બોલુંદરા શ્રીકૃષ્ણાશ્રમ વૈદિક પાઠશાળાના બે ઋષિકુમારો રાજયસ્તરીય સ્પર્ધામાં પ્રથમ-દ્વિતીયક્રમે આવી ગૌરવ વધાર્યું

મોડાસા,તા. ૧૨

મોડાસા તાલુકામાં બોલુંદરા ગામે મેશ્વોનદીના પવિત્ર કાંઠે આવેલ શ્રીકૃષ્ણાશ્રમ વૈદિક સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કરતા બે છાત્રો(ઋષિકુમારો) ચિ. શ્રીધર અને ચિ. હર્ષ ભરૂચ ખાતે યોજાયેલ રાજયસ્તરીય સ્પર્ધામાં ભાગ લઈને વેદકંઠપાઠમાં અનુક્રમે પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને આ પાઠશાળાનું રાજ્યમાં ગૌરવ વધારવા બદલ અગ્નિહોત્રી પૂ.આત્રેયભાઈ વ્યાસ ,પાઠશાળાના આચાર્ય અને પ્રાધ્યાપક ગુરુગણે એમને અભિનંદન સહ આશીર્વાદ પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે બોલુંદરા શ્રીકૃષ્ણાશ્રમમાં યજ્ઞ નારાયણ ભગવાનની એકસો વર્ષ ઉપરાંતના સમયથી પૂજા થાય છે,અહીં અનેક સેવા પ્રવૃતિઓ થકી સંસ્થા હમેશા ધમધમતી રહે છે.પૂ. અગ્નિહોત્રી આત્રેયભાઈ વ્યાસ અને અગ્નિહોત્રી જહાનવીબેન વ્યસન સાન્નિધ્યે વૈદિક સંસ્કૃત પાઠશાળા ઉપરાંત જરૂરિયાત મંદ અને નિરાધાર લોકોને એમના ઘેર બેઠા ટિફિન પહોંચાડવાની અન્નસેવા વર્ષોથી ચાલે છે.વખતોવખત અહીં દરેક ઉત્સવો,પર્વો અમે તહેવારોની અદમ્ય ઉત્સાહ ઉમંગે, પુરા આધ્યાત્મિક વાતાવરણમાં ઉજવાય છે, યજ્ઞો,હવનો યોજાય છે.ગુરુકુલ જરવું હૂબહૂ માહોલમાં અહીં આવતા લોકો યજ્ઞ નારાયણના દર્શન કરી ધન્યતા અનુભવે છે.એકસો વર્ષ અગાઉ પ્રાતઃ વંદનીય પૂ. અગ્નિહોત્રી દાદાશ્રી કૃષ્ણરામ બાવજીએ પ્રગટાવેલી આ સેવાની જ્યોત એક શતક પુરૂ કરી ચુકી છે, અહીં વણથંભી સેવાપ્રવૃત્તિઓ થકી માહોલ આધ્યાત્મિક,સેવામય અને ભક્તિભાવથી ભર્યો ભર્યો અને અલૌકિક અનુભવાય છે!!!

મેઘરજ ખાતે મુરારી બાપુના હસ્તે નવીન જલારામ હોસ્પિટલનું ખાતમુહૂર્ત કરાશે

મેઘરજ તા. ૧૨

હાલ મેઘરજ ખાતે ચાલી રહેલ જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ સંચાલિત

જલારામ હોસ્પિટલના નવીન મકાનનું સોમવારે પૂજ્ય મુરારી બાપુના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે. જલારામ હોસ્પિટલ ના પ્રમુખ ડૉ. બંસીભાઈ પટેલએ જણાવ્યું હતું કે ૭૫ કરોડના ખર્ચે જલારામ હોસ્પિટલનું નવીન મકાન બનાવવામાં આવનાર છે. જેનું ખાતમુહૂર્ત પૂજ્ય મુરારી બાપુના હસ્તે કરવામાં આવનાર છે. નવીન હોસ્પિટલ ટેકનોલોજી ભર્યા સાધનોથી સજ્જ હશે અને તેના માધ્યમથી તાલુકાના દર્દીઓનું યોગ્ય નિદાન કરી સારવાર કરવામાં આવશે.હાલ પણ જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ દ્વારા ગરીબ દર્દીઓનું નિઃશુલ્ક કે વ્યાજબી ભાવે સારવાર કરવામાં આવી રહી છે.ત્યારે આવનાર સમયમાં પણ આ જ ઉદ્દેશથી ટેકનોલોજીથી સજ્જ સાધનો દ્વારા લોકોનું નિદાન કરી સારી આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવશે.આ પ્રસંગે મુખ્ય દાતા પ્રવીણભાઈ શાહ(અમદાવાદ), અરવલ્લી કલેક્ટર નરેન્દ્ર મીણા,અરવલ્લી એસ.પી. સંજય ખરાત સહીત આગેવાનો હાજર રહી તાલુકામાં આકાર લઈ રહેલા નવીન મકાનનું ખાતમુહૂર્ત કરશે.

પ્રાંતિજના બાલીસણા ગામે મફત નિદાન કેમ્પ યોજાયો

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના બાલીસણા ખાતે વિશ્વ મહિલા દિવસ સાપ્તાહિક ઉજવણી ના ભાગરૂપે મફત નિદાન કેમ્પ યોજાયો જેમા બાલીસણા સહિત આજુબાજુના ગામાનોના ૨૯૦ દર્દીઓએ લાભ લીધો. વિશ્વ મહિલા દિવસ સાપ્તાહિક ઉજવણી ના ભાગરૂપેપ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામે મફત નિદાન કેમ્પ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા આજુબાજુના છ ગામના દર્દીઓએ લાભ લીધો હતો જેમા રજની વુમન્સ હોસ્પિટલ તલોદ , માં હોસ્પિટલ હિંમતનગર તથા બાલીસણા દૂધ મંડળીના ઉપક્રમે કેમ્પ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા સ્ત્રી રોગના નિષ્ણાત ડૉ.કુશ શાહ , હાડકાંના રોગોના નિષ્ણાત ડૉ.અમિત શર્મા , ચામડીના રોગોના નિષ્ણાત ડૉ.કુંજલ શર્મા તથા જનરલ કન્સલ્ટિંગ માટે ડૉ.વિપુલ પટેલ દ્વારા સેવાઓ આપી હતી જેમા સ્ત્રીરોગ ના ૬૦ દર્દીઓ , ચામડીના-૯૫ દર્દીઓ, હાડકાના-૯૨ દર્દીઓ તથા જનરલ-૪૩ મળી કુલ ૨૯૦ દર્દીઓની તપાસ કરવામા આવી હતી અને ઉપસ્થિત ડોક્ટરો દ્વારા મફત દવાઓ નુ વિતરણ કરવામા આવ્યુ હતુ તો ગામના અગ્રણી કાળુસિંહ ચૌહાણ , કનુભાઈ પટેલ , આચાર્ય રાકેશભાઈ , ખોડસિંહ ચૌહાણ, વસંતભાઈ ત્રિવેદી સહિત ગામજનો ઉપસ્થિત રહ્યા હતા અને કેમ્પ ને સફળ બનાવ્યો હતો

સલાલ ખાતે પતિ-પત્નીને મારમારી ગાળો-બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા બે વિરૂધ્ધ પોલીસ ફરીયાદ

કાકાના દિકરા વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં અરજી આપી કહી આરોપીઓએ ગાળો-બોલી માર માર્યો : લાકડી અને લોખંડની પાઈપ વડે માર મારતા પોલીસ ફરિયાદ થઇ : મહિલા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં બે વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના સલાલ ખાતે પતિ-પત્ની ને મારમારી ગાળો-બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા ગામનાજ બે ઈસમો વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ થઈ.

પ્રાંતિજ ના સલાલ ખાતે રહેતા અરૂણાબેન ભરતજી મકવાણા તથા તેવોના પતિ ભરતજી નેનાજી મકવાણા મજુરી માટે ગામમા આવેલ ખેતર મા મજુરી અર્થે જતા હતા તે દરમ્યાન કિરણજી નારણજી પરમાર તથા રણજીતજી રણછોડજી પરમાર બન્ને સામા આવી કિરણજી પરમારે અરૂણાબેન મકવાણા ને કયુ કે મારા કાકાના દિકરા મહેશજી જગતસિંહ પરમાર વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અરજી આપી હતી તેમ કહી આરોપીઓ દ્વારા ગાળો બોલવા લાગતા અરૂણાબેન મકવાણાએ જણાવ્યુ કે મહેશજી પરમાર મારી દિકરીઓને મારઝૂડ કરી હતી જેથી અરજી આપી હતી તેમ કહેતા રણજીતજીએ રસ્તામા પડેલ લાકડી લઈ અરૂણાબેન ના બરડાના ભાગે મારી દીધેલ જેથી મહિલા ના પતિ ભરતજી નેનાજી મકવાણા વચ્ચે પડતા રણજીતજીએ તેના હાથમા રહેલ લાકડી વડે તેઓને પણ બરડા ના ભાગે એક ફટકો મારી દીધેલ અને કિરણજી નારણજી પરમાર પાસે પડેલ લોખંડ ની પાઈપ લઈ મહિલા ના પતિ ભરતજી નેનાજી મકવાણા ને બરડાના ભાગે મારેલ જેથી મારા પતિ ભરતજી નેતાજી મકવાણા રોડ ઉપર પડી ગયા હતા અને કિરણજી નારણજી પરમાર તથા રણજીતજી રણછોડજી પરમાર મા બહેન સામી ગાળો બોલી ગડદાપાટુ નો માર મારવા લાગેલ જેથી બુમાબુમ થતા આજુબાજુ માથી લોકો તથા મહિલા ના સાસુ સહિત લોકો દોડી આવ્યા હતા અને મહિલા અને તેના પતિ ને છોડાવેલ અને બન્ને જણા ત્યાંથી જતા રહ્યા હતા અને જતા-જતા કહેતા હતા કે આજે તો બચી ગયા છો પણ હવેથી એકલ દોકલ મળશો તો જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપતા બન્ને જણા જતા રહેલા તો પતિ-પત્ની ને ઈજાઓ પહોચતા એક રીક્ષા કરી હિંમતનગર ખાતે સારવાર અર્થે લઈ ગયા હતા તો અરૂણાબેન ના પતિ ભરતજી ને મણકાની તકલીફ થયેલ હોવાથી સારવાર અર્થે દાખલ કરેલ અને રજા આપતા અને ઘરે આવતા રાતના સમયે ભરતજી ને તકલીફ થતા ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ભરતજી ને દાખલ કરવામા આવ્યા હતા તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા આ અંગેની ફરીયાદ અરૂણાબેન ભરતજી મકવાણા ઉ.વર્ષ-૩૦ રહે.સલાલ કુંવારોવાસ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા ની ફરીયાદ ને લઈ ને પ્રાંતિજ પોલીસ દ્વારા જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ ના જાહેર નામા નો ભંગ કરતા તથા લોખંડ ની પાઈપ અને લાકડી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા કિરણજી નારણજી પરમાર તથા રણજીતજી રણછોડજી પરમાર વિરૂધ્ધ આઈપીસીકલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨)૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરવામા આવી છે.

શૈક્ષણિક સંકુલમાંથી ધોળે દહાડે વિદ્યાર્થીના અપહરણથી ચકચાર: પોલીસે વિદ્યાર્થીને બચાવી લીધી, અપહરણકારો ફરાર

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દિવસે દિવસે કથળી રહી છે જીલ્લામાં ચોરી, હત્યા સહિત અપહરણના ગુનામાં નોંધપાત્ર વધારો થઈ રહી છે મોડાસા શહેરના જાણીતા સંકુલમાંથી ધો.૧૧ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીને ચાલુ વર્ગમાંથી બે શખ્શો શ્રીમત પ્રસંગ હોવાથી લેવા આવ્યા હોવાનું જણાવી અપહરણ કરી ફરાર થઈ જતાં શિક્ષકને દાળમાં કઈ કાળું લાગતા પરિવારજનોને જાણ કરતા બંને પરિવારજનો ચોકી ઉઠ્યા હતા અને વિદ્યાર્થીનું અપહરણ થતાં તાબડતોડ ટાઉન પોલીસને જાણ કરતા પોલીસ દોડતી થઈ હતી વિદ્યાર્થિનીનું અપહરણ કરનાર ત્રણ અપહરણકારોને પોલીસ પીછો કરતી હોવાની ગંધ આવી જતા ગણેશપુર નજીક ઉતારી દેતાં વિદ્યાર્થીનો આબાદ બચાવ થયો હતો પોલીસ અપહરણની ઘટનાની ગંભીરતા સમજી એક્શન મોડમાં આવતા વિદ્યાર્થીની આબાદ બચાવ થયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર,મોડાસા શહેરના અગ્રણી શૈક્ષણિક સંકુલની હાઈસ્કૂલમાં ગ્રામ્ય વિસ્તારની ધો.૧૧ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની શુક્રવારે શાળામાં આવી હતી ત્યારે સીતપુર ગામના દીપક રમેશ ચૌહાણે ગામના જ વિશાલ જીવણભાઈ રબારી અને રાજુ પટેલને શાળામાં મોકલી આપ્યા હતા બંને શખ્સ શાળામાં પહોંચી વિદ્યાર્થિનીના ક્લાસરૂમમાં પહોચી વિદ્યાર્થીનીને શ્રીમંતનો પ્રસંગ હોવાથી ઘરેથી લેવા આવ્યા હોવાનું જણાવી વિદ્યાર્થીનીનું અપહરણ કરી લઈ જતાં એક શિક્ષકની નજર વિદ્યાર્થિની સાથે રહેલા બે શખ્સ શંકાસ્પદ લાગતા તરતજ વિદ્યાર્થિનીના પરિવારજનોને જણાવતા તેમને કોઈને લેવા મોકલ્યા નથી જણાવી વિદ્યાર્થિનીનો પરિવાર શાળામાં દોડી આવ્યો હતો વિદ્યાર્થીનીનું અપહરણ થતાં ટાઉન પોલીસને જાણ કરતા પોલીસ દોડતી થઇ હતી. વિદ્યાર્થિનીના પરિવારજનોએ ટાઉન પોલીસને જાણ કરી દીધી હોવાની જાણ અપહરણકારોને કરી દેતા ગભરાઈ ઉઠ્યા હતા અને વિદ્યાર્થીને ગણેશપુર નજીક ઉતારી દઈ રિક્ષામાં પરત મોકલી આપી હતી વિદ્યાર્થિનીનું અપહરણ કરનાર મુખ્ય આરોપી દીપક રમેશ ચૌહાણ પરણિત અને એક પુત્રનો પિતા હોવાનું બહાર આવ્યું હતું અપહરણ કરનાર ત્રણે આરોપીઓ ફરાર થઈ જતાં પોલીસે ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મોડાસા ટાઉન પોલીસ વિદ્યાર્થિનીના કાકાની ફરિયાદના આધારે સીતપુરના દીપક રમેશ ચૌહાણ, વિશાલ જીવણ રબારી અને રાજુ પટેલ નામના શખ્શો સામે અપહરણનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

સાબરકાંઠા જિલ્લાના ખેલમહાકુંભમાં ૧.૭૪ લાખ ખેલાડીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન

બાયડ તા.૧૨

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલમહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે ખેલમહાકુંભ ને “આઝાદી કા અમૃત મહોત્સવ” અંતર્ગત આઈકોનિક ઈવેન્ટ તરીકે નક્કી કરવામાં આવેલ છે. જેમાં ખેલમહાકુંભનું ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૧૧/૦૩/૨૦૨૨ સુધી ૧,૭૪,૨૭૪ થયેલ છે. સાબરકાંઠા જિલ્લામાં શાળા અને ગ્રામ્યકક્ષા લેવલની સ્પર્ધાઓ તા.૧૪,૧૫ થી તા.૨૬ માર્ચ ૨૦૨૨ સુધી તાલુકાકક્ષાની સ્પર્ધાઓ અને સીધી જિલ્લાકક્ષાની સ્પર્ધાઓ યોજાનાર છે તેમજ તાલુકામાંથી વિજેતા ખેલાડીઓની જિલ્લાકક્ષાની સ્પર્ધાઓ તા.૦૩ થી તા.૧૨ મે ૨૦૨૨ સુધી યોજાશે. આ સ્પર્ધાની વધુ માહિતી માટે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સાબરકાંઠા મો.૬૩૫૩૨૫૩૯૫૪ પર સંપર્ક કરવા જિલ્લા રમતગમત અધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

જન્મદિને વધામણી

અશ્વિનભાઈ ઉપાધ્યાય, પત્રકાર
તલોદ જીલ્લો સાબરકાંઠા

બીપીનભાઈ આર.પટેલ
રનેચી તા.બાયડ

પરેશભાઈ સુથાર
બાયડ ગામ હાલ વડોદરા

અમિતકુમાર દરજી,
તીર્થ કલેક્શન
સ્વામિનારાયણ
સોસાયટી,૨ બાયડ
જિલ્લો - અરવલ્લી



ધારવી શૈલેષભાઈ ભાટીયા
છપૈયા ધામ ફ્લેટ
બાયડ જીલ્લો અરવલ્લી

ઘરમાં રહો, સુરક્ષિત રહો

રક્તદાન મહાદાન

શ્રી અક્ષર પુરષોત્તમ સ્વામિનારાયણ મંદિર - સાઠંબા ૧૫મો પાટોત્સવ

બાયડ તા.૧૨

અનુપમ મિશન ના અધિસ્થાતા સંતભગવંત સાહેબજી મહારાજ ના આશીર્વાદ થી રચાયેલ અનુપમ મિશન પ્રેરિત શ્રી અક્ષર પુરષોત્તમ સ્વામિનારાયણ મંદિર - સાઠંબા માં બિરાજમાન થયેલ શ્રી ઠાકોરજી મહારાજ નો ૧૫ મો પાટોત્સવ પર્વ સદગુરુ સંત પ.પૂ હર્ષદભાઈ , સાધુ પ.પૂ ગૌતમદાસજી , સાધુ પૂ. સતીશદાસજી અને સંતો ના દિવ્ય સાનિધ્યમાં ઉજવવામાં આવ્યો.અને આ પ્રસંગે સાઠંબા અને આજુબાજુ ના મંડળ ના ૨૫૦ થી વધુ ભક્તો એ દર્શન અને આશીર્વાદ નો લાભ લીધો....